પ્રાથમિક શિક્ષણ (ધો.૧ થી ૫) તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮) ના પ્રાથમિક શિક્ષકોને મુખ્ય શિક્ષક (HTAT) તરીકે બઢતી આપવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સીંફા-૧૮/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭/૧૦/૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગનું તારીખ ૧૮/૦૧/૨૦૧૨નું જાહેરનામુ ક્રમાંક : જીએચ/એસએચ/૨/પીઆરઇ/૧૧૧૧/સીંગલ ફાઇલ-૩ /ક

(૨) શિક્ષણ વિભાગનું તારીખ ૨૨/૦૯/૨૦૧૬નું જાહેરનામુ ક્રમાંક : જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ ૦૮/૦૩/૧૯૯૯નો ઠરાવ ક્રમાંકઃ પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૧૭ ઉપરની તા.૧૭/૦૫/૨૦૧૭ની દરખાસ્ત.

(૫) શિક્ષણ વિભાગનું તા.૨૦/૦૧/૨૦૧૭નું જાહેરનામા ક્રમાંકઃ GH/SH/02/PRE/11-2016/SF-6-K

(૬) શિક્ષણ વિભાગનો તા. ૧૨/૦૭/૨૦૧૭ નો સરખા ક્રમાંકનો ઠરાવ

આ મુ ખ :-

શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭નાં જાહેરનામા ક્રમાંકઃ GH/SH/02/PRE/11-2016/SF-6-Kથી વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક/ મુખ્ય શિક્ષક/ આસી.એજ્યુકેશન ઈન્સપેક્ટર અને સુપરવાઈઝરની ભરતી માટે કાર્યપધ્ધતિ અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. આ જાહેરનામાના ક્રમ-૧૧ની જોગવાઇમાં ૨૦% વેઈટીંગ લીસ્ટ (પ્રતિક્ષાયાદી) પરના ઉમેદવારોને સામેલ કરવા અંગે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ૬ સામેના તા.૧૨/૦૭/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સીંફા-૧૮/કમાં સુધારો કરવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની ક્રમાંક-૪ સામે વંચાણે લીધેલ સીંગલ ફાઇલથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૫) ઉપરના શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: GH/SH/02/PRE/11-2016/SF-6-Kના ક્રમાંક:૧૧ માં સીધી ભરતીમાં ૨૦% વેઈટીંગ લીસ્ટ (પ્રતિક્ષાયાદી) બનાવવાની સૂચના છે. સીધી ભરતીથી મંજૂર કરેલ મુખ્ય શિક્ષકની જગ્યાઓ પર સીધી ભરતીના જ વેઇટીંગ લીસ્ટ પરના ઉમેદવારોને ક્રમાનુસાર નિમણૂક મળે તે માટે શિક્ષણ વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/સીંફા-૧૮/કની શાળા પસંદગી બાબતની જોગવાઇ ક્રમાંક (૩) ને રદ કરીને તેના સ્થાને નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

## સુધારા ઠરાવ:

### શાળા પસંદગી બાબત :

(૩) જાહેર કેમ્પ યોજીને શાળા પસંદગી કરાવવાની રહેશે. સામાન્ય સંજોગોમાં જે તે વર્ષમાં મુખ્ય શિક્ષકની સીધી ભરતી થાય ત્યારે તેઓને શાળા પસંદગી કેમ્પ વખતે બઢતી મેળવનાર શિક્ષકોને પણ ઉપસ્થિત રાખી તે જ કેમ્પમાં શાળા પસંદગી કરાવવાની રહેશે. શાળા પસંદગી વખતે બન્ને યાદીઓ એક સાથે ક્રમશ: ઉપયોગમાં લેવાની રહેશે એટલે કે કેમ્પમાં બઢતીની યાદી પરના પ્રથમ ઉમેદવારને પ્રથમ શાળા પસંદગીની તક આપવાની રહેશે. બીજા ક્રમે સીધી ભરતીની યાદીના પ્રથમ ક્રમનાં ઉમેદવારને શાળા પસંદગીની તક આપવાની રહેશે. તે મુજબ એક ઉમેદવાર બઢતી અને એક ઉમેદવાર સીધી ભરતીના એ રીતે ક્રમશ: સ્થળ પસંદગી કરાવવાની રહેશે. મંજૂર થયેલ ખાલી જગ્યાઓ વધારે હોય અને બઢતી કે સીધી ભરતીની કોઈ એક યાદી પૂર્ણ થઈ જાય અને શાળા બાકી રહેતી હોય તો તેવા કિસ્સામાં જે યાદીમાં ઉમેદવાર ઉપલબ્ધ હોય તે યાદીમાંથી સળંગ શાળા પસંદગી કરવી શકાશે નહી. પરંતુ બઢતી માટે મંજુર થયેલ જગ્યાઓ બઢતીની યાદીના ઉમેદવારોથી ભરવાની રહેશે અને સીધી ભરતીની ખાલી રહેલ જગ્યાઓ સીધી ભરતીના વેઈટીંગ લીસ્ટ(પ્રતિક્ષાયાદી)માંથી જે તે કેટેગરીમાંથી ભરવાની રહેશે. દા.ત કુલ ૧૦૦ જગાઓ ભરવાની છે અર્થાત બઢતી યાદીમાં ૫૦ અને સીધી ભરતીની ૫૦ જગાઓ ઉપલબ્ધ છે અને બઢતી યાદીમાં ૫૮ ઉમેદવાર છે જ્યારે સીધી ભરતી યાદીમાં ૪૦ ઉમેદવાર છે તેવા સંજોગોમાં બન્ને યાદીના પ્રથમ ૪૦-૪૦ ઉમેદવારોને ક્રમશ: શાળા પસંદગી કરાવવી. ત્યારબાદ બઢતીની જગ્યા ૫૦ હોઈ બઢતીની યાદીમાં ૫૦ ક્રમ સુધી જવું. જ્યારે સીધી ભરતી માટે બાકીની જગ્યા ખાલી રહેશે.

આ સંજોગોમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ફાળવવામાં આવનાર ૨૦% વેઈટીંગ લીસ્ટ (પ્રતિક્ષાયાદી) ઉમેદવારો પૈકી જીલ્લો પસંદ કરનાર ઉમેદવારને સીધી ભરતીની બાકી ખાલી જગ્યા પૈકી પસંદગીની તક આપવાની રહેશે

૨. ઉપર વંચાણે લીધેલા ક્રમાંક:૬ સામેના આ વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૭ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
  } નિયામકશ્રી, પ્રા.શિ.ની કચેરી મારફત.
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત પ્રાથમિક શિક્ષણ સંઘ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે)
- શાખા સિલેક્ટ ફાઇલ